# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૧૮** **અંક : ૨૨૩**

પ્રમુખ
**મણીકાંત મેઘજી મોમાયા**
મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી
**પંકજ હીરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com
Web : www.kutchibhavanhyd.org

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

૧૯૪૭ની પંદરમી ઓગષ્ટની મધ્ય રાતે ભારત પર બ્રિટીશ સામ્રાજ્યનો અંત આવ્યો. ભારત સ્વતંત્ર રાષ્ટ્ર થયું. દેશને સ્વતંત્રતા મળ્યાના એ દિવસોએ ભારતની પ્રજામાં ઉત્સાહ, ઉમંગ, અપેક્ષાઓ અને રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠાનો પ્રચંડ જૂવાળ પેદા થયો. ત્યારબાદ ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ ભારતને પ્રજાસતાક રાષ્ટ્ર તરીકે ઘોષિત કરવામાં આવ્યો. સ્વતંત્રતા અને પ્રજાસત્તાક રાષ્ટ્ર થયાના એ સમય અને આજના સમય વચ્ચેની પરિસ્થિતીનું અવલોકન કરતા સુખદ અનુભૂતિ થતી નથી. પ્રજાસતાક રાષ્ટ્રમાં પ્રજાની સ્થિતિ, એની રાષ્ટ્ર ભાવના અને એના વલણો તીવ્રતા ધારણ કરતા વિનીપાતની દશાના એંધાણ થાય છે.

સ્વતંત્ર્ય પૂર્વે સમસ્ત દેશ ગાંધીજીના પ્રભાવ હેઠળ હતો. આ મુઠ્ઠી ઊંચેરા મહાત્માએ પ્રજાને રાષ્ટ્રભાવના, નિષ્ઠા અને સમર્પણની ભાવનાથી આવૃત કરેલ. સરદાર વલ્લભભાઈ પટેલ અને અન્ય નેતાઓની કર્તવ્યનિષ્ઠા અને સમર્પણની ભાવનાએ વિદેશી શાસકો હેઠે પરાધીન હોવા છતાં પ્રજાનું ખમીર ઉચ્ચ સ્તરે ટકેલું હતું. એ કાળમાં પ્રજા જીવનનું એક વિશિષ્ટ અંગ હતું એની કાર્યનિષ્ઠા. કાર્યકરો નિષ્ઠાવાન હતા. એમની કાર્ય પ્રત્યેની નિષ્ઠા સર્વોચ્ચ હતી. તેઓને પદની ખેવના કે દંભે ભ્રષ્ટ નહોતા કર્યા.

સ્વતંત્રતાના કેટલાક સમય બાદ નેતાઓની મનઃસ્થિતિ અને અભિપ્સા પરિવર્તન પામતી જણાઈ. કોમી વિખવાદ થયા. દેશના ભાગલા થયા, નેતાઓની સત્તાલાલસા જાગૃત થઈ ઉઠી. ગરીબ હોવા છતાં સંતોષી પ્રજામાં અસંતોષનો પ્રવેશ થતો ગયો. દેશની મોટા ભાગની પ્રજા ગરીબ અને અભણ હોવાથી રાજકર્તાઓની સત્તા લાલસા અને સ્વાર્થે તેમનો હાથા તરીકેજ ઉપયોગ કરતા ગયા. તેમ છતાં તે સમયે પ્રજાની નીતિમત્તા, પ્રમાણિકતા અને નિષ્ઠા જળવાઈ રહી હતી. ૧૯૬૭માં કોંગ્રેસમાં પડેલ તિરાડ પછી ક્રમશે. નૈતિકતા નષ્ટ થવા માંડી. ત્યારથી આજ સુધીના સ્વતંત્ર ભારતનો ઈતિહાસ સુવિદીત જ છે. સત્તા અને સંપત્તિની ભૂખ, સ્વાર્થ અને કપટની જવાળાઓએ સમસ્ત દેશને ભરડામાં લઈ લીધેલ છે. સમગ્ર વિશ્વમાં ભૌતિકતાવાદ અને સ્વાર્થવૃતિ બળવતર બનતા વધુને વધુ સંપત્તિ એકત્રિત કરવાની મનોવૃત્તિ, સત્તા-વર્ચસ્વ સ્થાપિત કરવા માટે નીતિને

હવે આપ વેબ સાઈટ ઉપર “નિયાંપો” વાંચી શકો છો
www.kutchibhavanhyd.org
http://www.asanjokutch.com/kutchhi-pub.asp

સગવડ પ્રમાણે ઘાટ આપવાની અધમવૃત્તિ, દંભ-દમામનો વધતો આતંક આપણને કયાં લઈ જશે એ કલ્પના કરી શકાય તેમ નથી. મોંઘવારી, ભ્રષ્ટ્રાચાર અને ગુંડાગર્દીના વાતાવરણે સામાન્ય માનવીને અસુરક્ષિત કરી નાખેલ છે. વિવિધ સરકારી કરોથી સામાન્ય પ્રજા ત્રાહીમામ થઈ ગયેલ છે.

ગયા મહિને દિલ્હીમાં થયેલા સત્તા પરિવર્તન બાદ સામાન્ય પ્રજામાં આશાઓ જન્મી છે. આશા કરીએ કે ૨૬મી જાન્યુઆરીએ આવનારૂં પ્રજાસતાક દિન સમગ્ર રાષ્ટ્ર તેમજ સમાજ માટે આશાનું નવું કિરણ લાવે. પ્રજાસતાક દિનની શુભકામના.

૫ જાન્યુઆરીના મંડળના નવા સભ્યો બનાવવા માટે અરજી પત્રકોનું વિતરણ શરૂ કરવામાં આવ્યું. તેમજ શાંતિવન સમિતિ દ્વારા શહેરના કોલાહલથી દૂર કુદરતી રમણીય વાતાવરણ વચ્ચે નીર્મિત નીલકંઠ વિદ્યાપીઠ (ગુરૂકુલ) મધ્યે એક દિવસીય પિકનીકનું સુંદર આયોજન કરવામાં આવ્યું. સંચાલકોને અભિનંદન.

૨૦૧૪નું નવું વર્ષ આપણા સમાજના સર્વે સભ્ય પરિવારોને લાભદાયી શુભદાયી નિવડે એવી અભ્યર્થના.



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

સાલ ૨૦૧૩ને અલવિદા કરી અને હવે આપણે ૨૦૧૪ની સાલમાં પ્રવેશ કરેલ છે. નવું વર્ષ હમેશા આપણા માટે એક આશાનું કિરણ લઈને આવે છે. આપણે આશા રાખીએ છીએ કે આવી રહેલ નવું વર્ષ આપણા જીવનને મેઘધનુષના સાત રંગોથી ભરી દે.

પોલિટિકલી વિચારીએ તો વર્ષના આરંભમાંજ દેશમાં એક નવીજ હવા ફેલાઈ છે– **'આમ આદમી'**ની વર્ષની મધ્યમાં આમ ચુનાવ આવી રહેલ છે. આવી મોટી રાજીકીય ઉથલ પાથલને અંતે આપણે આશા રાખીએ કે દેશને એક સાફ સુથરી અને કાર્યક્ષમ સરકાર મળશે અને દેશ પ્રગતિ સાધશે.

વ્યક્તિગત રીતે વિચારીએ તો હર વર્ષે આપણે આપણા જીવનને સાચી દિશા મળે તે દષ્ટિએ દઢ નિર્ણય (Resolution) લઈએ છીએ કે આ વર્ષે હું વહેલો ઉઠી ફરવા, કસરત કરવા જઈશ, સીગરેટ/તમાકુ નહીં લઉં, ગુસ્સા ઉપર કાબુ રાખીશ, ઈત્યાદી. આ સમય છે, ગત્ વર્ષે કરેલ રીસોલ્યુસનને પુર્ણ કરવામાં તમને કેટલી સફળતા મળી તેની સમીક્ષા કરી આગળ વધવાનું. એક વિચારકે લખેલ તે અમને યાદ આવે છે. Aim the sky, you will atleast reach the tree top - અર્થાત આકાશને આંબવાની કોશિષ કરશો તો ઝાડના મથાળે તો જરૂર પહોંચશોજ. ભલે કરેલ ૧૦ નિશ્રાયોમાંથી તમને ૪ માં જ સફળતા મળી હોય, પણ નાસિપાસ થયા વિના આગળ વધો - ફતેહ છે આગે.

છેલ્લે, આપ સહુ વાચકગણને તેમજ સભ્યના પરિવારજનોને 'નિયાંપો'ના સંપાદક મંડળની શુભકામનાઓ તથા નવું વર્ષ આપ સહુને લાભદાયી નીવડે એવી શુભેચ્છા.

### સભ્ય જોગ

'નિયાંપો'માં છાપવા માટે, સંસ્થા સમાચાર, સગપણ, લગ્ન ઈત્યાદી વિગતો ચબરખીઓમાં મોકલવામાં આવે છે. આપ સહુને વિનંતી કે ભવિષ્યમાં તે આવી રીતે ન મોકલતા, વ્યવસ્થિત રીતે મોકલનારનું નામ, સહી તારિખ તથા મોબાઈલ નંબર સાથેજ પુરા કાગળમાં લખી મોકલાવે.

'વિવિધા' માટે લેખો મોકલાવનાર ભાઈ બહેનોને વિનંતી કે તેઓ સારા અક્ષરે પાનાની એક જ બાજુ તેમજ લાંબા લેખો ન મોકલતા સંક્ષિપ્તમાં મોકલાવે.



# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

## ઈ.સ.-૨૦૧૪ - નૂતન વર્ષાભિનંદન

ઈ.સ. ૨૦૧૩નું વર્ષ હૈદરાબાદ વતનીઓ માટે રાજકીય અરાજકતા, બંધ, હડતાલો તથા અનેક સમસ્યાઓથી ઘેરાયેલુ રહ્યું. ૨૦૧૪નું નવવર્ષ સર્વેને માટે મંગલમય તથા સુખદાયી નિવડે એવી શુભકામનાઓ.

રમત-ગમત સમિતિ દ્વારા આપણા સમાજની એક ક્રીકેટ ટીમ ગુજરાતી રાજસ્થાની પ્રીમીયર લીગમાં ભાગ લેવા મોકલાવવામાં આવેલ છે અને ૪ મેચો પુર્ણ થયેલ છે જેમાં ૩ મેચોમાં ટીમે વિજય પ્રાપ્ત કરેલ છે, આગળની મેચો માટે ટીમ કચ્છી મિત્ર મંડળના સર્વ રમતવીરોને શુભકામના.

શાંતિ પ્રાયમરી સ્કુલ દ્વારા વિદ્યાર્થીઓ માટે સુંદર પીકનીકનું આયોજન કરવામાં આવેલ હતું. તા. ૨૬ જાન્યુઆરીના દિને સ્કુલ પ્રાંગણમાં ધ્વજ વંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

માવજત સમિતિ આયોજીત મેડીકલ કેમ્પ પુર્ણ થયેલ છે, અને સારા પ્રતિસાદ, ભાગ લીધેલ મેમ્બરો તરફથી આવી રહ્યા છે.

શાંતિવન સમિતિ દ્વારા વડીલો માટેનું પર્યટન તા.૫-૧-૧૪ના દિને આયોજીત કરવામાં આવેલ છે.

નવા મેમ્બરશીપ ફોર્મ આ માસ દરમ્યાન આપવામાં આવી રહ્યા છે. વધુમાં વધુ કુંટુંબોને સમાજમાં આવરી લેવા માટે પ્રત્યેક કુટુંબ દીઠ એક ફોર્મ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

કારોબારી સમિતિની એક સભા તા. ૩-૧-૧૪ના દિવસે યોજવામાં આવેલ હતી.

ભવનના રોજ બરોજના કાર્યની દેખરેખ માટે એક આસીસ્ટંટ મેનેજરની જરૂરીયાત છે. યોગ્ય વ્યક્તિ આ કાર્ય માટે ઓફીસનો સંપર્ક કરી શકે છે.

કારોબારી સમિતીએ અર્ધવાર્ષિક સમય પુર્ણ કરેલ છે. અને દરેક સમિતિએ પોતાના કાર્યક્ષેત્રના કાર્યક્રમને સફળતા પૂર્વક પૂરા કરી આગામી કાર્યક્રમોની તૈયારી સાથે આગળ વધી રહી છે. ભવન બુકીંગ સાધારણ રીતે સારી રહી હતી. નિયાંપોને સમયસર અને સુંદર રીતે પ્રકાશિત કરવા માટે સંપાદક ટીમને અભિનંદન.

ભવનમાં જરૂરીયાત મુજબ નવી સાધન સામગ્રી સમયઅનુસાર વસાવવામાં આવી રહી છે.

શ્રી હીતેન મોહનલાલ ગાલાના સુપુત્ર લક્ષયના લગ્ન નિમિત્તે રૂા.૧૨,૫૦૦/- મંડળને ભેટ પ્રાપ્ત થયેલ છે. શ્રી પંકજ હીરજી સાવલાની સુપુત્રી કીંજલના લગ્ન નિમિત્તે રૂા.૧૨,૫૦૦/- મંડળને ભેટ પ્રાપ્ત થયેલ છે. બન્ને પરિવારોનો આભાર.

મકર સંક્રાતિ આપણા સૌને માટે શુભ મંગલમય અને કલ્યાણકારી બને એવી શુભેચ્છા.

## SRI KUTCHI MITRA MANDAL

**INVITES JOB APPLICATION FOR A POST OF ASST. MANAGER-CUM ADMINISTRATOR FOR KUTCHI BHAVAN (MARRIAGE HALL) KNOWLEDGE OF COMPUTER & FLUENCY IN LANGUAGES ARE ESSENTIAL.**

**APPLY WITH CREDENTIALS AT BHAVAN'S OFFICE.**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

ઈસુના નવા વર્ષ માટે અમારા માનવ મિત્રના સર્વે સભ્યો તરફથી મંડળના આપ સૌ સભ્યોને નવા વર્ષ ૨૦૧૪ની મુબારકબાદી અને નવુ વર્ષ દરેક પ્રકારે આપ સૌને સફળ અને યશસ્વી રહે એજ પ્રભુ પ્રાર્થના.

**ચિ. હેનલ -ગૌરવ**ના લગ્ન પ્રસંગે–

રૂા.૧,૫૧,૦૦૦/- ડાયલાસીસ માટે આજીવન નીધી, હ :શ્રી પંકજ વલ્લભજી સાવલા, શ્રી કીર્તી નાનજી ગાલા

રૂા. ૧૧,૦૦૦/- ગૌ-ઘાસ માટે હ : શ્રી પંકજ વલ્લભજી સાવલા.

**મૂઠીભર અનાજ યોજના**ના વોલીન્ટરો તરફથી પ્રજાસતાક દિવસે પ્રતિ વર્ષ આશ્રમના બાળકો સાથે એક કાર્યક્રમ રાખીએ છીએ. સંજોગોવસાત આ કાર્યક્રમ તા. ૯-૨-૨૦૧૪ના દિવસે નીચે મુજબ રાખેલ છે.

તારીખ : ૦૯-૦૨-૨૦૧૪, સ્થળ : Don Bosco Street Children, રામનતાપૂર, મેરીટસ હોસ્પીટલની બાજુમાં

| | |
|---|---|
| સવારના ૯.૩૦ : | દિપ પ્રગટાવવુ |
| ૧૧.૦૦ : | સાંસ્કૃતિક કાર્યક્રમ - આશ્રમના બાળકો તરફથી |
| ૧૧.૩૦ : | સાંસ્કૃતિક કાર્યક્રમ - વોલીન્ટરો તથા આશ્રમના બાળકો સાથે કાર્યક્રમ |
| ૧૨.૩૦ : | મેજીક શો |
| ૧.૦૦ : | બપોરના સ્વરૂચી ભોજન |

મંડળના સભ્યો માટે સ્વરૂચી ભોજનના પાસના રૂા. ૧૦૦/- રાખેલ છે. તે ઉપરાંત Don Bosco ના આશ્રમના દરેક બાળકો માટે સ્પોર્ટ યુનિફોર્મ આવવાનું નક્કિ કરેલ છે. એક સેટની કિમત રૂા. ૨૬૦/- રાખવામાં આવેલ છે. આપને જણાવતા હર્ષ થાય છે કે તા. ૨૯-૧૨-૨૦૧૩ના કે.સી.સી. ક્રીકેટ મેચના દિવસે હાજર રહેલ સભ્યોને અપિલ કરતા, ૬૭ સેટનું દાન સભ્યો તરફથી મળેલ છે. કુલ્લ ૨૦૦ યુનિફોર્મ આપવાના છે. બાકી ૧૩૩ સેટ માટે અમારી અપિલ છે કે આપ યથાશક્તિ આપના તરફથી સેટ લખાવશો એવી વિનંતી. સંપર્ક : શ્રી હિતેન મણિલાલ સંઘોઈ, ફોન. ૯૮૪૯૧ ૬૪૨૨૧

ઉપરોક્ત કાર્યક્રમમાં આપ વધુ સંખ્યામાં આપના નામ લખાવી પાસ લેવા વિનંતી, જેથી આશ્રમના બાળકોને પ્રોત્સાહન મળે.

**અવસાન નોંધ :** ૧. જતીન હીરજી ગોસર, ઉ.વ. ૪૫, ગામ નાના રતાડીયા - અંતિમક્રિયા-પ્રાર્થના
૨. રાયશી રવજી ગોસર, ઉ.વ. ૮૪, ગામ નાના-રતાડીયા - અંતિમક્રિયા-પ્રાર્થના
૩. રાજેશ લક્ષ્મીચંદ મોતા, ઉ.વ.૪૫, ગામ વારાપધર - ચક્ષુદાન-અંતિમક્રિયા-પાર્થના
૪. પૂ. પાનબાઈ મુરજી મારૂ, ઉ.વ.૯૦ દેહદાન
૫. શ્રી ધનજી રામજી છેડા, ઉ.વ. ૭૦ ગામ વાંકી, દેહદાન
ઉપરોક્ત ક્રિયા માટે માનવ મિત્રના સભ્યો સહાયરૂપ થયા છે.

## માયનોરીટી સર્ટીફીકેટ

**માટેના અપ્લીકેશન ફોર્મ લેવાનું ચાલુ કરેલ છે. વધુ વિગત માટે**
**સંપર્ક : પંકજ વલ્લભજી સાવલા, મો. ૮૦૯૯૯ ૬૬૬૬૫, ૯૩૯ ૪૫૫ ૩૧૫૪**

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | ગૌ-ઘાસ | કબુતર..... |
|---|---|---|---|---|---|---|---|
| શ્રી નેમજી કાનજી ધરોડ પૂ. માતુશ્રીની પુણ્યતિથી | ૧૦૦૦ | ૧૦૦૦ | - | — | ૧૦૦૦ | - | - |
| શ્રી નિતિન નાનજી સતરા | ૫૦૦ | ૫૦૦ | ૧ | - | - | - | - |
| શ્રી ખુશાલ મેઘજી મારૂ પૂ. માતુશ્રીની પુણ્યતિથી | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - | |
| સ્વ. રાજેશ હરિલાલ નિસર પુણ્યતિથી નિમિત્તે | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રી મણિલાલ રામજી ધરોડ સ્વ. દેવેનની પુણ્ય તિથી | - | ૨૫૦ | - | ૨૫૦ | - | - | - |
| શ્રી ધનજી વછરાજ વોરા | - | ૫૩૦ | - | - | - | - | ૧૩૦ |
| શ્રીમતી જ્યોતિબેન ધનજી વોરા | - | ૫૩૦ | - | - | - | - | ૧૩૦ |
| શ્રી પ્રફુલ્લ કુંવરજી ધરોડ | - | ૧૦૦૦ | - | ૫૦૦ | - | - | - |
| શ્રીમતી મધુબેન પંકજ વલ્લભજી સાવલા સુપુત્રી હેનલના લગ્ન પ્રસંગે | - | ૩૫૦૦ | - | - | - | - | - |
| જીત સમીર ગડા | - | ૧૧૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી ઝવેરબેન નવિન ધરોડ | - | - | ૨ | - | - | - | - |
| યુકતા મનોજ તારાચંદ હેનીયા જન્મ દિન પ્રસંગે | - | - | ૪ | - | - | - | - |
| મહેક મયુર વોરા જન્મ દિન નિમિત્તે | - | - | ૨ | - | - | - | - |
| શ્રીમતી સરસ્વતી ખીમજી કારાણી | - | - | ૧ | - | - | - | - |
| સ્વ. ધરમશી દામોદર વોરા | - | - | ૫ | - | - | - | - |
| શ્રીમતી સુશીલા મનહર ગાલા | - | - | - | - | - | ૧ | - |
| સાનીયા હેમલ ગાલા | - | - | - | - | - | ૧ | - |
| એક સદગ્રહસ્થ તરફથી | - | - | - | - | - | ૧ | - |
| માતુશ્રી પાનબાઈ મુરજી મારૂના સ્મર્ણાર્થે હ : શ્રી મગનલાલ મારૂ | - | ૫૦૦ | ૧ | - | - | - | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | ૫૦૦ | ૫૦૦ | ૧ | - | - | - | - |
| સ્વ. ચુનિલાલ જગશી ગાલાના પુણ્યતિથી હઃ લક્ષ્મીબેન ચુ. ગાલા | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | - | ૧ | ૫૦૦ |
| સ્વ. વલ્લભજી પેથરાજની પુણ્યતીથી નિમિત્તે હઃઅજય હંસરાજ પાસડ | - | ૨૫૦ | ૧ | ૨૫૦ | - | - | - |

## માવજત સમિતિ

સંચાલક : **કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**

### હેલ્ધી-હાર્ટ ચેક-અપ કેમ્પ

"હેલ્ધી હાર્ટ ચેક-અપ કેમ્પ" તા. ૧૭-૧૧-૨૦૧૩ થી ૨૨-૧૨-૧૩ સુધી ચાલેલ અને સંપુર્ણ થયેલ છે. ટોટલ ૧૧૭ સભ્યોએ ભાગ લીધેલ. આનંદની વાત છે કે અધિકાંશ સભ્યોને તકલિફ નથી જણાયેલ. ૩૦% ટકા સભ્યોએ ગત વર્ષમાં એપોલોમાં કરાવેલ કેમ્પમાં પણ ભાગ લીધેલ હતો જેમનો follow-up થયેલ છે.

આ કેમ્પના વ્યવસ્થિત આયોજન માટે સમિતિના સભ્ય શ્રી અમૃતભાઈ દામજી વોરાનો આભાર તથા ભવિષ્યમાં પણ મંડળના સભ્યો માટે આવાજ આયોજનો કરતા રહે એવી આશા.

★ દિવસે દિવસે હોસ્પિટલના ખર્ચ વધતા જાય છે. જે કોઈ સભ્યને આ માટે રાહત જોઈતી હોય તેમણે અગાઉથી પુર્ણ વિગત સાથે અરજી કરતા સમિતિના સભ્ય તેની ચોકસાઈ કરી યોગ્ય કરશે.

★ **મેડિક્લેમ ઈન્સ્યુરન્સ :** જેઓએ ઈન્સ્યુરન્સ પોલિસી લીધેલ છે તેઓને વિનંતી કે પોતાની જુની પોલિસીઓ પણ સંભાળીને રાખે.

★ ફ્રી જનરલ હેલ્થ કેમ્પ જે તા.૫-૧-૨૦૧૪ના આયોજીત હતો તે અનિવાર્ય સંજોગોવસાત રદ્દ થયેલ છે. જેની જાણ આપને SMS દ્વારા કરવામાં આવેલ.

### MAHAVEER CLINIC - KUTCHI BHAVAN

**ALOPATHIC CLINIC**

**Dr. Mrs. Deepti Bhuta**, MBBS — Mon - Sat 9.00 am to 11.00 am

**AYURVEDIC CLINIC**

**Dr. Meenakshi Agarwal,** Ayurved Bhishak — Mon-Sat 10.00 am to 12.00 noon

**HOMEOPATHIC CLINIC**

**Dr. C. Roshna,** B.H.M.S. (Osm.) — Mon-Sat 5.00 pm to 7.00 pm

**SUNDAY HOLIDAY**

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

# મહિલા સમિતિ

સંચાલિકા : **ખુશાલી જયેશ નાગડા**
સહ-સંચાલીક : હીના હીતેન નાગડા

નવા વરસની નવી આશા અને નવી ઉમંગ બધાને ફળરૂપ બને, અને ૨૦૧૪ના વર્ષને યાદગાર બનાવવા આપણે સૌ મળશું તા. ૮ માર્ચ ને શનિવારના સાંજના ૮.૦૦ વાગ્યે આપણા કચ્છી ભવનમાં

## *Music Magic Memories*

મનગમતા સંગીતનો સાથ હોય તો યાદગાર પળો સર્જાયા વગર રહી શકે નહીં. તો સજોડે, બાળકો સાથે અથવા મિત્રો સાથે આવજો, DJ Party માં Dance કરવાને મસ્ત મજાનુ Dinner કરવા Theme party છે, તો ખાસ

Married Couples માટે Indo Western
Youngistans માટે Neon
અને Kids below 12 Boys - Geometric Print - Girls - Floral
આ હિસાબે વિવિધ પોશાક માટે ખાસ ઈનામો છે. અને હવે છેલ્લે.

**TICKET : ADULTS RS. 200/-, KIDS BELOW 12 TO 3 RS. 100/- /**

Kids માટે સ્પેશ્યલ સરપ્રાઈઝ, રવિવાર તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૪ના સવારના ૧૧ થી ૧ કલાકે, ટીકીટસ્ વેચવામાં આવશે સ્થળ : કચ્છી ભવન.

વધારે વિગત માટે ફિબ્રુઆરીના નિયાંપોની રાહ જોજો અને Music Magic Memories ની તૈયારી શરૂ કરી દેજો.

---

## જીવન ચક્ર

| | | | |
|---|---|---|---|
| **સગપણ નોંધ** | CA મિત્તલ નવીનચંદ વિશનજી હરિયા | શેરડી | હૈદરાબાદ |
| | CA ચિંતન વસંત લક્ષ્મીચંદ કારાણી | ડુમરા | સુરત |
| **શુભ લગ્ન** | ચિ. તેજલ હસમુખ હેમચંદ કાપડીયા | પત્રી | હૈદરાબાદ |
| | ચિ. તુષાર દીપક રતનશી ગોસર | વિંઢ | માલેગાંવ |
| | ચિ. જીનલ મહેન્દ્ર દેવશી વોરા | મુંદ્રા | હૈદરાબાદ |
| | ચિ. દિપેન સૂર્યકાંત ભિમશી રાંભીયા | ગુંદાલા | મુંબઈ |
| | ચિ. રીચા વિલાસ તલકશી ગાલા | ચિયાસર | હૈદરાબાદ |
| | ચિ. વૈભવ ગુલાબચંદ શામજી હરીયા | નરેડી | મુંબઈ |
| | ચિ. હેનલ પંકજ વલ્લભજી સાવલા | નવાવાસ | હૈદરાબાદ |
| | ચિ. ગૌરવ કીર્તી નાનજી ગાલા | લાખાપર | હૈદરાબાદ |
| | પોપટલાલ કે. છેડા, આર.કે. ભવન, કાચીગુડા, હૈદરાબાદ. ફોન.૬૫૫૦૫૫૫૧ | | |

# સાવલા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ,

સવિનય જણાવવાનું કે સાવલા નુખના શ્રી સીરીયલ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી તા. ૨-૨-૨૦૧૪ રવિવારના સવારના ૧૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડા નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

માતાજીનું સામૈયુ તથા સ્થાપના ........ ૧૦.૩૦ કલાકે

માતાજીની ભજનગીતની રમઝટ તથા રાસ ગરબા ........ ૧૧.૦૦ કલાકે

માતાજીને પ્રસાદ થાળ જાુવારવાનુ........ ૧૧.૩૦ કલાકે

માતાજીની આરતી ........ ૧૨.૦૦ કલાકે

અન્ય માહીતી ........ ૧૨.૩૦ કલાકે

માતાજીની પ્રસાદી (પ્રીતિભોજન) ........ ૦૧.૦૦ કલાકે

લી. **સાવલા ભાવિક સંઘ,** હૈદ્રાબાદના જયજીનેન્દ્ર

સંપર્ક :

| | | |
|---|---|---|
| પંકજ વલ્લભજી સાવલા | વલ્લભજી મેઘજી સાવલા | પંકજ હીરજી સાવલા |
| ૯૩૯૪૫ ૫૩૧૫૪ | ૬૬૬૨૧૦૯૨ | ૯૮૪૯૭ ૪૭૬૨૫ |

નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે. ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહી. (ક્ર.ન.)

## SHANTI PRIMARY SCHOOL

Correspondent : **NAVINCHAND HARIA**
98850 31232

Wish you a season of blessings from heaven above and a peaceful New Year. We have come to the end of second term of the academic year.

Soon after the dazzling children's carnival, which was held on 22nd Nov, Children were busy preparing for their III Unit Test.

In order to make travel an integral part of education, Sri Kulpakji Teerth Yathri Sangh (organised by Mr. Hanskumarbhai) took the students of class I to IV to Navgrah Temple, Gurukul and Gayatri Temple on 20th of December.

The students of LKG and UKG enjoyed one day picnic to Zoo on 18the December, Nursery students were take to Shyam Baba Temple.

On 24th of December we celebrated the spirit of Christmas. On the same day, Fancy Dress Competition was also held.

Republic day will be celebrated at School Campus on 26th Jan.

You all are cordially invited on the occasion of 8th Annual Day to be held on 26th Feb at Kutchi Bhavan, at 5.00 p.m.

## સંસ્થા સમાચાર

❖ પૂજ્ય મામલમાતાને નમતા દેઢિયા નુખના ભાવિકોની પહેડી તા.૯-૨-૨૦૧૪ના રવીવારના ૧૦.૦૦ કલાકે કચ્છી ભવન, એડનબાગ, રામકોટ મુકામે રાખવામાં આવેલ છે.

સૌ ભાવિકોને સહપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા આમંત્રણ છે.

આ શુભ પ્રસંગે ભુવા શ્રી રમણીકભાઈ મુંબઈથી પધારશે. નવા આવેલ ભાવિકો તથા નિયાણી બહેનોએ પોતાના નામ નીચે જણાવેલ સ્થળે લખાવવા વિનંતી.

નિલગીરી : બડી ચાવડી, ફોન. ૯૨૪૬૨૦૨૧૨૦
હરેશ હેમરાજ દેઢિયા, બડી ચાવડી ફોન. ૯૨૪૬૧૯૪૦૫

❖

આ માસના અતિથી વિશેષ શેઠશ્રી જીવરાજ દામજી નાગડા ગામ ભોજાય છે.



FOR ALL YOUR COMPUTER WORK
- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩–૨–૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(શ્ર.પ્ર. H-2750)

Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(શ્ર.પ્ર.)

# ABHA BEAUTY PARLOUR

## BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial or Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

Summer Special offer
**Mehandi & Self Grooming Classes**

***Home service Facility is also available***

***Sunday Closed***

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

(જા.ખ.)

- ➢ સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- ➢ રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- ➢ કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- ➢ પાનેતર, પિછ્ઠાવર્ક, તાર કામ સાડી
- ➢ બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**

श्री मुनिसुव्रतस्वामी ने नमो नमः

# श्री मुनिसुव्रतस्वामी नवग्रह जैन मंदिर

## तीर्थ स्वरुप पुण्यधाम जैन ट्रस्ट

कुमेरा (गाँव) चेवेला मंडल, रंगारेड्डी जिल्ला, (अ.प्र)

**छट्टी वर्षगांठ के अवसर पर ध्वजारोहण श्री संघ को भावभरा आमंत्रण**

**महासुद 13 बुधवार दि 12-02-2014**

**प्रात 10.30 बजे सतरबेदी पुजा, 12.36 ध्वजारोहण**

जिन शासन रागी प्रिय साधर्मिक बंधु जनो......................................................

जय जिनेन्द्र के साथ सुचित किया जाता है, समस्त जैन समाज के आचार्य भगवंतो तथा साधु साध्वी भगवंतो तथा वात्सल्यमुर्ति, परुषार्थमुर्ति, सवा करोड नवकार मंत्र के आराधक, कच्छी समाज के लाडीले ''चैतन्यरत्न'' ''नवग्रहरत्न'' श्री नरेन्द्र भाई रामजी नंदु के शुभ आशिर्वाद से श्री मुनिसुव्रतस्वामी जैन मंदिर तीर्थ रुप ले रहा है।

## ध्वजारोहण के लाभार्थी परिवार

| | |
|---|---|
| श्री मुलनायक भगवान : | मातुश्री चंपावेन नरसी वेलजी मोमाया परिवार (वारापदर - कच्छ), हैदरावाद |
| श्री मुनिसुव्रत स्वामी : | मातुश्री नवलवेन हरिगोविन्द शर्मा परिवार, हैदरावाद |
| | मातुश्री जवेरवेन रामजी तेजसी नंदु परिवार, (वांढ - कच्छ), मुंबई |
| श्री आदिनाथ भगवान : | मातुश्री चंपावेन नरसी वेलजी मोमाया परिवार (वारापदर - कच्छ) हैदरावाद |
| | मातुश्री जवेरवेन रामजी तेजसी नंदु परिवार, (वांढ - कच्छ), मुंबई |
| श्री सुविधिनाथ भगवान : | मातुश्री चंपावेन नरसी वेलजी मोमाया परिवार,(वारापदर - कच्छ), हैदरावाद |
| | मातुश्री जवेरवेन रामजी तेजसी नंदु परिवार, (वांढ - कच्छ), मुंबई |
| श्री नेमिनाथ भगवान : | मातुश्री चंपावेन नरसी वेलजी मोमाया परिवार (वारापदर - कच्छ) हैदरावादं |
| | मातुश्री जवेरवेन रामजी तेजसी नंदु परिवार, (वांढ - कच्छ), मुंबई |

(જા.ખ.)

| | | |
|---|---|---|
| श्री पार्श्वनाथ भगवान | : | श्री परमात्मा - हैदराबाद |
| श्री पद्मप्रभु भगवान | : | श्रीमती पानबाई खीमजी डुंगरसी मामणीया परिवार (मेरावा - कच्छ), हैदराबाद |
| श्री वासुपुज्यस्वामी भगवान | : | मातुश्री देवकाबेन कानजी गोसर परिवार (साभराई - कच्छ), हैदराबाद |
| श्री शांतिनाथ भगवान | : | मातुश्री आसबाई भाणजी मुरजी गडा परिवार (लटेडी -कच्छ), हैदराबाद |
| श्री चंद्रप्रभु भगवान | : | मातुश्री जयालक्ष्मीबेन प्रेमजी लालजी लोडाया परिवार (वरापादर - कच्छ) हैदराबाद |
| श्री पद्मावती माता | : | मातुश्री चंपाबेन नरसी वेलजी मोमाया परिवार (वारापदर - कच्छ), हैदराबाद |
| | | मातुश्री जवेरबेन रामजी तेजसी नंदु परिवार, (वांढ - कच्छ), मुंबई |
| श्री महाकाली माता | : | मातुश्री चंपाबेन नरसी वेलजी मोमाया परिवार (वारापदर - कच्छ), हैदराबाद |
| | | मातुश्री जवेरबेन रामजी तेजसी नंदु परिवार, (वांढ - कच्छ), मुंबई |
| श्री मोमाई माता | : | मातुश्री चंपाबेन नरसी वेलजी मोमाया परिवार (वारापदर - कच्छ), हैदराबाद |
| | | मातुश्री जवेरबेन रामजी तेजसी नंदु परिवार, (वांढ - कच्छ), मुंबई |
| श्री अंबे माता | : | मातुश्री जवेरबेन लालजी परबत परिवार (वारापदर - कच्छ), हैदराबाद |
| | | श्रीमती हिरावंतीबेन धनपत मोता परिवार |
| श्री गणेश भगवान | : | मातुश्री चंपाबेन नरसी वेलजी मोमाया परिवार (वारापदर - कच्छ), हैदराबाद |
| | | मातुश्री जवेरबेन रामजी तेजसी नंदु परिवार, (वांढ - कच्छ), मुंबई |
| श्री क्षेत्रपाल दादा | : | मातुश्री शांताबेन हीरजी कानजी गोसर परिवार (साभराई - कच्छ), हैदराबाद |

**आप को सहपरिवार पधारने का भावभारा आमंत्रण है ।**

श्री संघ की ओर से दोपहर 12.30 बजे

स्वामिवात्सल्य का अयोजन रखा गया है ।

***लि : श्री मुनिसुव्रत स्वामी नवग्रह जैन मंदिर,***

***तीर्थ स्वरुप पुण्यधाम जैन ट्रस्ट के ट्रस्डीगण,***

**मातुश्री चंपाबेन नरसी वेलजी मोमाया परिवार तथा**

**मातुश्री जवेरबेन रामजी तेजसी नंदु परिवार का जय जिनेन्द्र**

**9849371807, 9849824564, 98494 70808**

(જા.ખ.)

# ભાવભરી શ્રધ્ધાંલી

**જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની**
**આંસુ મહિયે આંખથી, યાદી ઝરે છે આપની...**



**જન્મ :**
**૨૧-૧૧-૧૯૬૫**

**અરિહંત શરણ :**
**૧૮-૧૨-૨૦૧૩**

## સ્વ. રાજેશ લક્ષ્મીચંદ મોતા

*શબ્દો નથી અમને સુઝતા, શું લખીએ શ્રધ્ધાંજલીમાં,*
*નથી તૈયાર મન માનવા, તમો નથી હવે આ જગમાં.*
*અમ સર્વે કુટુંબીજનોને, આવે છે યાદ પળ પળમાં,*
*કેમ લીધી અણધારી વિદાય, તમો સિધાવવા સ્વર્ગમાં.*
*કાંટા કરી સહન જીવનમાં, પાથર્યા ફૂલો પરિવારમાં,*
*દુઃખને દાબી નિજ દિલમાં, જરી ન છલકાયા સુખમાં,*
*ઈશ્વરને કરીએ ફરિયાદ, આવી દયા અમારી કેમ ના ?*
*કરીએ છીએ ફરી ફરી યાદ, વસો છો સદા અમ અંતરમાં...*

**''શ્રધ્ધાંજલી સુમન અર્પણ''**

માતુશ્રી મણીબેન લક્ષ્મીચંદ મોતા
ભાઈ : દીપક, રમેશ મોતા — ભાભી : દીપીકા, કરીશમા મોતા
બહેન બનેવી : વીજયા-દીલીપ દેસાઈ, હીના-કીરન લોડાયા
ભત્રીજા-ભત્રીજી : કરન, અભીનવ, નીસા, પ્રેમ, શ્રધ્ધા
ભાણેજ-ભાણેજી : રાહુલ, કવિતા દેસાઈ, સ્વેતા, કૃષ્ણના, ગ્રીષ્મા, સુષમા લોડાયા

(ક.જી.)

**AMAR CORPORATION, SHRADHA ENTERPRISES**
Hyderabad. Ph : 09346234849

**ઋણ સ્વીકાર**
જે કોઈ રૂબરૂ, પત્ર, ટેલિફોન દ્વારા આ સમયે અમને સાથ-સહકાર આપ્યો છે, તે સૌના અમે આભારી છીએ.

# વિવિધા

## ચમત્કારી ગુણોથી ભરપૂર

## અળસી (FLEXE SEEDS)

આપણા વિજ્ઞાનીઓ અને ચિકિત્સકોએ સંશોધન દ્વારા એવા આહાર-વિહાર, આયુ વર્ધક ઔષધીઓ, વનસ્પતિઓ શોધી કાઢી છે કે જેના નિયમિત સેવનથી ઉમર વધી શકે અને યૌવન જળવાઈ રહે છે. પ્રાચીન કાળમાં આપણા ઋષિમુનીઓ યોગ, તપ, દૈનિક આહાર અને ઔષધીઓના સેવનથી સેંકડો વર્ષ સુધી જીવંત રહેતા હતા.

છેલ્લા કેટલાક સમયથી અળસી વિષે પત્રિકાઓ, વર્તમાન પત્રો, ઈન્ટરનેટ, ટી.વી. વગેરે પર ઘણી બધી જાણકારી પ્રાપ્ત થઈ છે. હાલમાં મારકેટમાં અળસીના બિસ્કીટ તથા એવા પ્રોડકટો ઉપલબ્ધ છે. તાજેતરમાં કોરોનરી બાય-પાસ સર્જરી કરાવેલ દરદીને ડોક્ટરે નિયમિત અળસી ખાવાની સલાહ આપી એવું વાંચવામાં આવ્યું. જેથી તે ઉચ્ચ રક્તચાપ અને હૃદયને લગતા રોગોથી બચી શકે. આયુર્વેદમાં તો અળસીને દૈનિક ભોજન માનવામાં આવ્યું છે. જે અળસીનું નામ શુદ્ધ આપણે ભુલી ગયા હતા તે વાસ્તવમાં આપણી જીવન રેખા છે. અળસીના નિયમિત સેવનથી જિંદગી બદલાઈ શકે છે. શરીરમાં ભરપુર શક્તિ અને ઉત્સાહનો સંચાર થશે. ચુસ્તી, સ્ફૂર્તિ તથા આત્મવિશ્વાસ વધી જશે. તણાવ, આળસ, ક્રોધ ગાયબ થઈ જશે.

પ્રાચીન કાળથી અળસીનો પ્રયોગ ભોજન, કાપડના રંગરોગાન માટે થતો રહ્યો છે. નાનપણમાં જ્યારે શરીર પર ફોલ્લી-ફોલ્લા થતા હતા ત્યારે દાદીમાં અળસીની પોટીસ બનાવી બાંધી આપતા. અળસીમાં મુખ્ય પોષ્ટિક તત્વ ઓમેગા-૩ ફેટી એસિડ, એલ્ફા લીનોનેનીક એસિડ, લીગનેન, પ્રોટીન અને ફાઈબર હોય છે. અળસીમાં ૩૦ થી ૪૦ ટકા તેલ, ૨૫ ટકા પ્રોટીન, ફાઈબર, વિટામીન બી, સેલેનિયમ, કેલ્શીયમ, મેગ્નેશીયમ, કોમીયમ, કોપર, ઝીંક, પોટેશીયમ, લોહ, ફોલેટ વગેરે તત્વ હોય છે. આમાં રહેલા તેલમાં ૩૬ થી ૫૦ ટકા ઓમેગા-૩ એલ્ફા-લેનોલેનિક એસિડ હોય છે. અળસી ગર્ભાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધી ફાયદાકારક છે.

આપણા શરીરમાં ઓમેગા-૩ અને ઓમેગા-૬ બન્ને આવશ્યક છે. શરીરમાં તે નથી બની શકતા. જેથી આપણે આપણા ભોજનમાં લેવા પડે. ઓમેગા-૩ અળસી, ઉપરાંત અખરોટ, બદામ વગેરેમાં પણ હોય છે. ઓમેગા-૬ મગફળી, સોયાબીન, સનફ્લાવર, મકાઈ વગેરેના તેલોમાં ભરપૂર પ્રમાણમાં હોય છે. તે આપણા શરીરના વિભિન્ન અવયવો ખાસ કરીને મગજ, સ્નાયુઓ અને આંખોના વિકાસ અને તેના સુચારૂ સંચાલનમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. આપણી કોશીકાઓની દિવાલો ઓમેગા-૩ યુક્ત ફોસ્ફોલીવીડ થી બને છે. જ્યારે આપણા શરીરમાં ઓમેગા-૩ની ઓછપ થઈ જાય છે ત્યારે આ દીવાલો નરમ અને લચીલા ઓમેગા-૩નીને બદલે કડક અને કરૂપ ઓમેગા-૬ ફેટથી બને છે અને ત્યારથીજ ઉચ્ચ રક્તચાપ, મધુપ્રમેહ પ્રકાર-૨, આર્થરાઈટીસ, સ્થુળતા, કેન્સર વગેરે બિમારીઓની શરૂઆત થઈ જાય છે.

|| Jai Mahaveer ||

***Wish you all a very Happy & Prosperous New Year***

## "Naman Construction Solutions"

A Name for all your water proofing needs, where treatment is done by Nano Technology Products with the help of Skilled and efficient workers. All you need is to contact us.

We also undertake painting and colouring assisgnments for Flats, Offices and other commercial establishments.

Contact

**Mr. Vardhaman Shah**

Cell No. 98853 41835

(Remember : A stitch in time saves nine)

(જા.ખ.)

**Bharat Karani Mobile : 98481 85595**
**Ph. No. : 040-66777172**

# BOMBAY LUGGAGE N NOVELTIES

**Near Metro Diagnostics & State Bank of Hyderabad, Nallakunta, Hyderabad-500 044.**

**THE ONE STOP SHOP FOR**

- **LUGGAGE BAGS - VIP, Sky Bags, Alfa, American Tourister, Polo, Pulse etc.,**
- **COLLEGE & SCHOOL BAGS - Liviya, American Tourister, Wildcraft, Barbie, Chota Bheem, Ben 10 etc.**
- **Lap Top & Office Bags, Travel Pouches, Camera & Waist Pouch, Pass Port Pouch.**
- **Wallets & Belts for Gents & Ladies**
- **Exclusive Quality Range of Ladies Foot Wear, Kurties, Legins, Nighties, Night Suits.**
- **Attractive Range of Ladies Hand Bags & Party Clutches, Jewellery & Bangle Box, Saree & Blouse Covers**

**SUPER EXCHANGE OFFER FOR YOUR OLD LUGGAGE BAGS !!!**

- **Bring Any Old Bag & Exchange it for any Bag of your Choice.**
  **Get Attractive exchange discounts !!!**

(જા.ખ.)

ઓમેગા-૬ શરીરમાં રોગ પેદા કરે છે જ્યારે ઓમેગા-૩ આપણી રોગપ્રતિરોધક ક્ષમતા વધારે છે. છેલ્લા દાયકાઓમાં આપણાં ભોજનમાં ઓમેગા-૬ની માત્રા વધી રહી છે. સામે ઓમેગા-૩ની કમી થઈ રહી છે હમણાં બજારમાં વેચાતા ફાસ્ટફૂડ-જંક ફૂડ ઓમેગા-૬થી ભરપુર હોય છે. તેમજ રિફાઈન્ડ તેલ ઓમેગા-૬ ફેટી એસિડથી ભરપુર હોય છે. આ પરિસ્થિતિમાં આપણે બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, સ્ટ્રોક, ડાયાબિટીશ, સ્થૂળતા, સંધીવા, ડીપ્રેશન, દમ, કેન્સર વગેરે રોગોના ભરડામાં સપડાઈ જઈએ છીએ.

અળસી આપણા બ્લડપ્રેશરને સમતોલ રાખે છે. લોહીમાં સારા કોલેસ્ટ્રોલ(HDL-Cholesterol)ની માત્રા વધારે છે અને ટ્રાઈગ્લીસરાઈડ્સ તથા ખરાબ કોલેસ્ટ્રોલ (LDL-Cholesterol)ની માત્રા ઓછી કરે છે. હૃદયની ધમનીઓમાં લોહીના ગઠા બનતા નથી. અને હૃદયઘાત કે સ્ટ્રોક જેવી બિમારીઓથી બચાવે છે. અળસી હૃદયની ગતિને નિયંત્રીત રાખે છે અને વેટ્રીકુલર એરીદ્મીયાથી થનારા મૃત્યુદરને ઘણો ઓછો કરે છે.

અળસીમાં બીજું મહત્વપૂર્ણ પૌષ્ટિક તત્વ લીગનેન હોય છે. અળસી લીગનેનનો સૌથી મોટો સ્ત્રોત છે. જે એન્ટીબેકટેરીયલ, એન્ટીવાયરસ, એન્ટીફંગસ અને એન્ટી કેન્સર હોય છે. સ્ત્રીઓને મોનોપોઝ દરમ્યાન થનારી પરેશાનીઓ જેવીકે હોટ પ્લેશેજ વગેરેમાં ઘણો ફાયદો કરે છે. લીગનેન પ્રોસ્ટેટ, ગર્ભાશય, સ્તન, આંતરડા, ત્વચા વગેરે કેન્સરના ઉપચારમાં બહુ મહત્વ ધરાવે છે. જો માંના સ્તનમાં દૂધ ન ઉતરતું હોયતો અળસી ખવડાવવાથી ૨૪ કલાકમાંજ દૂધ આવવા માંડે છે. અમેરીકામાં થયેલી શોધોથી ખબર પડી કે અળસીમાં ૨૭ થી વધુ કેન્સર-રોધક તત્વ હોય છે.

અળસીમાં ફાઈબર સૌથી વધુ હોય છે, તેથી અળસી કબજિયાત, હરસ-મસા, ભગંદર, આઈ-બી.એસ.ના રોગીઓને ઘણી રાહત આપે છે. અળસીના સેવનથી કબજિયાતમાં રાહત મળે છે, તેમજ પીત્તની થેલીમાં પથરી બનવા દેતી નથી અને જો પથરી હોયતો ઓગળવા માંડે છે. ત્વચાની બિમારી જેવી કે ખીલ, એકઝીમા, દાદર, ખસ, ખંજવાળ, ચાંદા વગેરેમાં અળસી અસરકારક છે. અળસીમાં રહેલો ઓમેગા-૩ વાળને સ્વસ્થ, સુંદર, ચમકદાર તથા મજબૂત બનાવે છે ત્વચાને આકર્ષક અને ગોરી બનાવે છે. નખ સ્વસ્થ અને સુંદર બને છે અળસીના તેલની માલીશથી ત્વચાના ડાઘ-ધબ્બા, ચકામા, કરચલી વગેરે દૂર થાય છે, અને યુવાની બક્ષે છે.

અળસી મનને શાંત રાખે છે. સારા વિચારો આવે છે. તણાવ દૂર થાય છે. બુદ્ધિ અને સ્મરણશક્તિ વધે છે. ક્રોધ આવતો નથી અને ઉર્જાનો પ્રવાહ પેદા થાય છે. અળસી એલ્જીમર્સ મલ્ટીપલ સીરોસીસ, ડીપ્રેશન અને પાર્કીસન્સ બિમારીમાં બહુ લાભદાયક છે. ગર્ભાવસ્થામાં શીશુની આંખો તથા મગજના સંપૂર્ણ વિકાસ માટે ઓમેગા-૩ અત્યંત આવશ્યક છે. ઓમેગા-૩થી દ્રષ્ટિ સારી બને છે. રંગ વધુ સ્પષ્ટ અને ઉજળો દેખાય છે. નાના બાળકોને થનારી બિમારીઓ જેવી કે એલર્જી, અસ્થમા, ઝાડા, નાક-કાન-ગળાના ઈન્ફેકશનના કારણોમાં પણ ઓમેગા-૩ની કમી હોય છે. વૃદ્ધાવસ્થામાં થનારી પ્રોસ્ટેટની બિમારીના ઉપચારમાં પણ અળસી મહત્વનો ફાળો આપે છે.

અળસી બ્લડસુગર નિયંત્રણમાં રાખે છે. ડાયાબિટીશના દરદીઓને સારા રાખે છે. સ્થૂળતાના રોગીને પણ ફાયદો થાય છે. અળસીના સેવનથી પેટ વધુ સમય સુધી ભરેલુ લાગે છે. જેથી મોડે સુધી



સ્વ. રાજેશ લક્ષ્મીચંદ મોતા
જન્મ : ૨૧-૧૧-૧૯૬૫
અરિહંત શરણ : ૧૮-૧૨-૨૦૧૩

## ભાવભરી શ્રધ્ધાંજલી

ફુલ બની સુવાસ મુકી ગયા,
કિરણ બની પ્રકાશ મુકીગયા...
ઝરણુ બની સાગરમાં સમાઈ ગયા,
યાદ બની સ્મૃતિમાં છવાઈ ગયા
કદીન ભૂલાય એવી યાદ મુકી ગયા,
લાગણીનો પ્રવાહ ચારે કોર મુકી ગયા
આપનો સરળ, સૌમ્ય સ્વભાવ... પરોપકારની ભાવના
કાર્ય કરવાની ધગશ અને સહુ પ્રત્યે
મૈત્રીપૂર્ણ વ્યવહાર ક્યારે ભુલાશે નહી
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપે.
એજ અભ્યર્થના

**શ્રી વિતરાગ મિત્ર મંડળ, કોઠી**

ખુશાલ લોડાયા, ગૌતમ લોડાયા, રાજેશ જૈન, શ્રેણીકભાઈ બોરા

(જા.ખ.)


# WANTED MANAGER / SALES MAN
# SALES EXECUTIVE / HELPER

**for Pharmaceutical & Surgical Business**
**(Medical Field)**

@

# Sree Venkateswara Pharma

4-3-210, Kanda Swamy Lane, Kothi,
Sultan Bazar, Hyderabad - 500 095

**Paras Vora - 9505278201, 92465 83361**
**Mehul Vora - 93465 33059, 65597600**
**Working Hours : 10 a.m. to 9 p.m.**

(જા.ખ.)

ભુખ લાગતી નથી. શરીરના ઉષ્ણતામાનને એવી રીતે નિયંત્રણમાં રાખે છે કે આપણને જૂન મહિનામાં પણ ગરમીનો અહેસાસ થતો નથી.

આપણે દરરોજ ૩૦ થી ૫૦ ગ્રામ અળસીનું સેવન કરવું જોઈએ. સૌ પ્રથમ કડાઈમાં અળસીને તેલ કે ઘી વગર થોડું શેકી લો. પછી દરરોજ ૩૦ થી ૫૦ ગ્રામ અળસીને મિકસીમાં વાટી લોટમાં મેળવી રોટલી-પરાઠા વગેરે બનાવીને વાપરવા. અળસીનું પાવડર વાટીને મૂકી રાખવું નહિં દરરોજ તાજું વાટી લો. અળસીને દાળ, દહી, સલાડ વગેરેમાં પણ લઈ શકો છો. હમણાં અળસી મુખવાસ સ્વરૂપે તૈયાર પણ મળે છે. હમણાંના આધિ-વ્યાધિના સમયમાં અળસી આપણને ચોક્કસ ફાયદારૂપ સાબિત થશે.

## પ્રેમ

કરૂણા પ્રેમની જ એક સ્થિતિ છે. પ્રેમ જ્યારે સામાના દુઃખ દૂર કરવા કમ્મર કસીને ઉભો થાય છે. ત્યારે એ કરૂણાનો કામણગારો વેશ સજે છે. પ્રેમનું મહાકાવ્ય કરૂણા છે. તમારા હૃદયમાં જો દયા, પ્રેમ અને ઉદારતા ન હોય તો ચેક્કસ સમજી લેજો કે તમને ખરાબમાં ખરાબ પ્રકારનો હૃદયરોગ થયો છે.

જે લોકો ભગવાનમાં આસ્થા નથી રાખતા, તેઓ કયારેય પણ અને ક્યાંય પણ પ્રેમ કરી શકતા નથી. તેમના પ્રેમમાં સ્થિરતાનો આનંદ આવી શકતો નથી. સ્થિર અથવા એકાગ્રતા જ પ્રેમનો આનંદ છે.

જેને ક્યાંયથી પ્રેમ ન મળે તેને જૈન મુનિ પાસેથી મળે ! આવો પ્રેમ મળતાં કેટલાય ભીખારીઓ સંપ્રતિ મહારાજાઓ બની શકયા છે. કેટલાય જુગારીઓ સિદ્ધર્ષિઓ બની શકયા છે. કેટલાય દૃઢ પ્રહારીઓ અને અર્જુન માળીઓ કેવળી બની શકયા છે. પ્રવરદેવ જેવા ખાઉધરાઓ તપસ્વી બન્યા છે.

માનવભવ સદ્‌ગુણોની કમાણી કરવા માટે મળ્યો છે સદ્‌ગુણો પ્રેમભાવ વિના મળી શકતા નથી. પ્રેમ એ પાયો છે. સદ્‌ગુણો એ ઈમારત છે. પ્રેમએ મૂળ છે. ચારિત્ર એ વૃક્ષ છે. જ્ઞાનીઓએ ઉપદેશ પછી આપ્યો છે, સૌ પ્રથમ તો તેમણે જીવનમાં પ્રેમને સ્થિર કર્યો છે. અર્થાત સકલ જીવરાશિ સાથે પ્રેમભર્યો વ્યવહાર કર્યો છે, કારણ કે પ્રેમ વિના કોઈ સાધના લાગુ પડી શક્તી નથી. સાધનાનો ધબકાર પ્રેમ છે.

પ્રેમ એ નરથી નારાયણ બનવાનો રાજમાર્ગ છે.
પ્રેમ હોય તો માણસ સુખ વિના પણ જીવી શકે છે.
જીવનમાં કોઈનો પ્રેમ પામવો એ એક સદ્‌ભાગ્યની વાત છે.

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- **AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-**
- **AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-**

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

# આન્ધ્ર પ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ

**હૈદરાબાદ**

**સહર્ષ રજુ કરે છે...**

**'ઘી તાં મુંજી ચાગલી' કચ્છી નાટક**

**નિર્માતા : શ્રી કચ્છ યુવક સંઘ**

**દિગ્દર્શક : શ્રી વસંત મારૂ / શ્રી વિજય ગાલા**

**રૂપાન્તર : ડૉ. શ્રી વિસન નાગડા**

**તા. શુક્રવાર, ૨૪-૧-૨૦૧૪, સાંજના ૮.૩૦ કલાકે**

**સ્થળ : ભારતીય વિદ્યા ભવન, કિંગ કોઠી, હૈદરાબાદ**

**ટિકિટ : રૂ. ૨૦૦/-, રૂ. ૧૦૦/-, રૂ. ૫૦/-**

- આ કાર્યક્રમ કચ્છી મિત્ર મંડળના બધા જ સભ્યો માટે છે.
- ટિકિટ 'વહેલા તે પહેલા' ના ધોરણે ફાળવવામાં આવશે.
- 'વહેલા તે પહેલા'ના ધોરણે સીટ ફાળવવામાં આવશે, એટલે કે કોઈ સીટ નંબર આપવામાં નહી આવે.
- મધ્યાન્તરમાં ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.
- તા. ૮-૧-૨૦૧૪ થી ટિકિટ નિમ્ન સ્થળે થી મેળવી શકાશે.

| (સુલતાન બજાર) | (સુલતાન બજાર) | (બડી ચાવડી) | (નલ્લાગુન્ટા) |
|---|---|---|---|
| **94411 84718** | **94400 55113** | **92461 94405** | **93486 77099** |

'ઘી તાં મુંજી ચાગલી', એક સામાજિક, રમુજી કચ્છી નાટક કચ્છ અને મુંબઈમાં ખૂબ વખણાયેલ છે, એટલે ટિકિટ લેવામાં વિલંબ હાની કારક છે.

***ભાઈઓ, દુકાન વહેલી બંધ કરી, જમી કરીને વેળાસર ભારતીય વિદ્યા ભવન પહુંચી જજો.***

**94411 84718** **94400 55113** **98490 17752**

**90522 88125** **93933 19333**

**93910 65032**

(પ્ર.મં.)

***"નાટક નેરે ને અંઈ જરૂર ચોંધા, કચ્છ અને કચ્છીયત કે હજાર સલામ,***
***ઘી તાં મુંજી ચાગલી, ઘી થી ઘર મેં ઉજાસ, અને ઘી થીજ ઘર જી શાન"***

Off : C/o. Sidharth Canisters Pvt. Ltd., 9/11/B, Rd No. 6, IDA Nacharam, Hyderabad-500 076
Ph : 040-27271710, 27171712. Mob : 98490 17752

## ભવો ભવના નમસ્કાર મહામંત્ર નવકારનું વસિયતનામું

આપણે ભુતકાળમાં તેમજ વર્તમાન કાળમાં ઘણાજ એગ્રીમેન્ટ કરાર તેમજ વસિયતનામા કર્યા પણ હવે નવકાર મહામંત્રનું વસિયતનામું વર્તમાન કાળમાં કરવું જોઈએ કે જેથી નમસ્કાર મહામંત્ર હંમેશા જન્મોજન્મ તેમજ ભવોભવ સુધી સાથે રહે. આપણે પણ પરમાત્માને એકજ પ્રાર્થના કરીએ, હે નવકાર તું ભવોભવમાં મળતો રહેજે.

શ્રધ્ધાપૂર્વક અને સાચા હૃદયની કરેલી પ્રાર્થના પરમાત્મા સાંભળે છે. અને મુલ્યવાન નવકાર હમેશા સાથે જ રહે છે.

---

## 'આમ કચ્છી માડુ'

"હંસલાને" કચ્છી સમાજનો આમ માડુ બનવુ છે
જ્ઞાતિ ઉત્કર્ષ માટે
તન મન ધન દાવ ઉપર લગાડવું છે...
ઠેર ઠેર નગર બનાવી
તેમાં પણ વળી
અનેક કચ્છી સંકુલ ઉભા કરવા છે...
ઉદ્યમથી કોઈ વંચીત ન રહી જાય
તેના માટે જ્ઞાતી ઉદ્યોગ ધંધો ઉભો કરવો છે.
તબીબી સેવા, શૈક્ષણીક પ્રોત્સાહન ધાર્મિક આરાધના
આવાસ યોજના
એવા એક ન અનેક વિકલ્પો ઉભા કરવા છે...
સેવા જગતના જે કાર્યો થાય
તે સર્વે કાર્યો કરી કરાવીને
હંસલાને કચ્છી સમાજનો 'આમ માડુ' બનવુ છે...

---

Answer to the Riddle
**"WHEAT"**

## મન્ત્રીજી અને ધનલક્ષ્મી

મન્ત્રીજી અને ધનલક્ષ્મીનો,
સંબંધ વરસો જુનો છે.
મન્ત્રી ભલે સ્ત્રી હોય કે પુરૂષ,
બે ના ચાર કેમ થાય તે,
બહુ સારી રીતે જાણે છે.
મન્ત્રીજી અને ધનલક્ષ્મીનો
સંબંધ વરસો જુનો છે.
મન્ત્રીજી ખુરશીને પકડીને રાખવાની
તમન્ના વૃદ્ધાવસ્થામાં પણ બાકી છે.
મંત્રાલયમાં જાય તો
પગ થર થર ધ્રુજે છે.
હસ્તાક્ષર કરવા માટે,
પેન ઉપાડે તો,
હાથ થર-થર કાંપે છે.
કાંઈક બોલવા મોઢું ખોલે તો,
પાનની પિચકારી ઉડે.
ફાઈલ હાથમાં ઉપાડે તો,
હાથમાંથી નીચે પડી જાય.
પગ કબરમાં લટકે છે.
ખુરશી સંભાળે નથી સંભાળાતી.
તો પણ ખુરશી છોડવાની,
ઈચ્છા બિલ્કુલ નથી થતી.
લાખો કમાવી લીધા છે
કરોડો કમાવવાના બાકી છે.
રિશ્વત લેવું ખરાબ કામ છે,
એ સારી રીતે જાણે છે.
ખોટી રીતે પૈસા કમાવવાની,
કલા સારી રીતે જાણે છે,
એ કલા છોડવાનુ મન નથી.
ગૃહસ્થાશ્રમ છોડવાનો સમય,
આવી ગયો છે, પણ,
ધનલક્ષ્મી કયારેય નહીં છોડે !!
મન્ત્રીજી અને ધનલક્ષ્મી નો
સંબંધ વરસો જુનો છે.

aEX. ATLANTA EXPRESS

DELIVERY-WORLD WIDE

INTERNATIONAL PARCEL SERVICE

YOU CAN SEND

- PICKLES
- SNACKS
- SWEETS
- SPICES
- DOCUMENTS
- MEDICINES
- CLOTHS
- GIFT ITEMS
- BOOKS
- ALL HOME MADE FOOD ITEMS ETC..

TO YOUR LOVED ONES LIVING IN USA AND WORLDWIDE



OFFER 10.KG PACKAGE AT VERY LOW COST RATES

| | | | |
|---|---|---|---|
| USA Rs. 5200/- | U.K 3850/- | CANADA 5500/- | AUSTRALIA 6500/- |

**FOR ENQUIRY / DOOR PICKUP -**
**CALL : Mr. K. SIRAJ**
**9533557275/9949547275/040-64647275**

*** Normal Delivery Time 3 to 4 Working Days**
*** Online Tracking Facility on www.aex.co.in**
*** Free Door Pick-Up**

Shivam Road, Hyderabad 500 013.
email : siraj_bombinoexp@yahoo.co.in

(જા.ખ.)

પ્રિય વાંચકો, નીચે આપેલ કચ્છી કહેવતોને કાનો માતર રસ્વઈ, દ્રિર્ગઈ લગાડી ને પૂરી કરવાની છે.

૧) થધ પણઅ ખસ વય
૨) ચય કભર ગધડ ન ચડ
૩) અધ મ અક ન અધ મ અશ
૪) તભઅ જ ડશ ન ઢગલ મઢણ
૫) રત રણ ન વઅ કણ
૬) લક જ લડ ન ઘઘ જ વર
૭) મજમસતર મર ન ન ભણઅ ન
૮) સડ વચ સપર
૯) અલ અલ ન મમદ વળ ડલ
૧૦) અબજ કણ ન ફટ પઅ ચણ

ઉપરોક્ત ૧૦માંથી જે આઠ (૮) કહેવતોના સાચા અર્થ નીચેના નંબર પર જણાવશે એમને રૂા. ૨૦૦નો ઈનામ મહેન્દ્ર વોરા તરફથી આપવામાં આવશે. મો. નં. ૯૨૪૬૧૮૫૬૩૧

## SOLVE THE RIDDLE

I am a word of five letters !
People eat me.

If you remove my First letter,
I will be a form of energy !

If you remove my First 2 letters,
I will be needed for living.

If you remove my first 3 letters,
I will be a preposition.

If you remove my first 4 letters,
I will be a drink for you.

Answer if you are a genious
(The Anwer is given elsewhere in Niyapo)

## ત્યારે દુખની શરૂઆત થાય



તહેવાર કરતા વહેવાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
સંસાર કરતા જંજાળ વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
સહકાર કરતા પડકાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
આવક કરતા ઉધાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
વર્તમાન કરતા ભૂતકાળ વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
કામ કરતા કારભાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
કરનાર કરતા ગણનાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
ગ્રાહક કરતા દુકાનદાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
મિલકત કરતા વારસદાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
મિત્રો કરતા સલાહકાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.
ઈમાનદાર કરતા માલદાર વધી જાય ત્યારે દુખની શરૂઆત થાય.

# 3 BED ROOM LUXURIOUS FLATS AVAILABLE !

## SIDDHACHAL JAIN SOCIETY @ Prembagh




- ★ Plot Area : 318 Sq.Yds
- ★ Each Flat of 2045 Sft.
- ★ East Facing
- ★ Jain Mandir in Gated Society

- ★ Only **3 Flats** in Building Each Flat in a **Floor** With Luxurious Italian Flooring & Standard Sanitary Fittings Etc...
- ★ Underground Electrical Line & Drainage
- ★ Cement RCC Road
- ★ Gated Society with Compound Wall

**24 hrs Water**

For Details Contact :
**Nikhil Momaya**
098498 24564
092465 59977

We would like to thank all our banner sponsors
for their support in making KPL-6 a huge success

INDIAN OPTICS
SANGHVI BROTHERS
LEO PACKERS & MOVERS
MAHAVIR DRESSES
BOMBAY DRESSES
JILL APPARELS
BIG SHOT WORLD
DEEPAK TRANSPORT AGENCY
NAVRANG
AARTEE SAREES
ARIHANT GARMENTS
POPULAR DRESSES
KESAR TRADING COMPANY
KASTURI & CO
DRESSLAND
BOMBAY STORES
CHANDAN STORES
SHANTINATH GRANITES
NAVJIVAN BROKERS
VISTAS CORRUGATED BOX FACTORY
SIGMA CORPORATION
RAJSHREE DRY FRUITS
MAMTA CATERERS
ATITHI TOURS & TRAVELS
GOLDEN ENTERPRISES

MAHESH DHAROD
PRADEEP SANGHVI
VINOD DHAROD
AJAY DHAROD
CHIMANLALJI GALA
PANKAJ SAVLA
MAHENDRA GADDA
NITIN DHAROD
AMRUTLAL BHEDA
NARESH GALA
MANISH SAVLA
MUKESH GALA
JAYANT GADDA
HITEN SANGHOI
PANKAJ RAMBHIA
VILAS GALA
DEVCHAND CHHEDA
NAYAN SAVLA
SMT CHANCHALBEN M GALA
DEVCHAND S GALA
DHIREN SHAH
HITEN NAGADA
GAURAV MOMAYA
TUSHAR KARANI
PRAVIN KARANI

(જા.ખ.)

This year the first edition on the new three year season of KPL witnessed some of the most exciting matches played between very competitive side.
With a crowd of over 500 people, KPL-6 has been a huge success while the event echoed in every household.

***Winners of Victory Cup KPL-6***

Shanti Ke Sahensha owned by Shree Shanti Suppliers

***Runners up of Victory Cup KPL-6***

Galaxy of Stars owned by Galaxy fashion videography and photography

| | |
|---|---|
| Best Batsman | : Tejas Gala |
| Best Bowler | : Kamal Poladia |
| Best Batswoman | : Snehal Gosar |
| Best lady Bowler | : Priyanka Savla |
| Best Kid Player | : Aman Gala |
| Best Senior Player | : Hiren Vira |
| Fair Play Team Award | : Galaxy of Stars |

(જી.પ.)

KCC
KUTCHI CRICKET CLUB

*Team KCC would like to extend a heartfelt gratitude to our lead sponsors, trophy sponsors and all the 8 motivated teams and the players for their support and spirit to help us reach new heights with KPL-6. Special thanks to 212 events for planning and organizing the event and Tara Caterers for the delicious food.*

**Lead Sponsor**

Victory

Victory Comfort Products
Shri Prafulbhai Ratanshi Gogri Pariwar

**Team Sponsors**

Shanti Ke Sitare
Shree Shanti Group of shops

marc masters
Kalpana Trading Co.

Chandan Champs
Chandan Corporation

Vishal warriors
Vishal Cutpiece Center

SHANTI ke SAHENSHAH
Shree Shanti Supplies

Galaxxy of Stars
Galaxy
Fashionable photography

RAJ ROYALS
Sri Raj Jewellery

Bijal Ramesh Savla

Trophy Sponsors

indian emporium
MATCHING HOUSE

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

ડિસેમ્બર ૨૦૧૩ની શ્રી કુલપાકજી તીર્થ યાત્રામાં જાગીરદાર પરિવારના લગભગ ૪૦ સદસ્યો યાત્રામાં જોડાયા હતા. વડીલ શ્રી વિરપાર નરશી લોડાયાની પુણ્યતિથી નિમિત્તે પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ હતી. યાત્રામાં શ્રી સંઘના કુલપાકજી યાત્રાના કાયમી સંઘપતીના પુત્રવધુ શ્રીમતી મમતાબેન (તારાબેન) મુંબઈથી પધાર્યા હતા. નાગપૂરના પ્રસિદ્ધ સમાજ સેવિકા શ્રીમતી પૂનમબેન મોમાયા તથા રાયપુર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ગુણવંતીબેન મોમાયા પણ યાત્રામાં જોડાયા હતા. આ ત્રણે મહાનુભાવોનું શ્રી સંઘવતી સ્વાગત કરવામાં આવેલ પૂજનમાં સુંદર રમઝટ જામેલ વિજયવાડાથી પધારેલ સંઘ પણ પૂજનનું લાભ લીધેલ.

શુક્રવાર તા. ૨૦ ડિસેમ્બર ૨૦૧૩ના શ્રી સંઘ તરફથી શ્રી કચ્છી મિત્ર મંડળના શાંતી પ્રયમરી સ્કુલના વિદ્યાર્થીઓને નવગ્રહ મંદિર લઈ જવામાં આવેલ. ધાર્મિક આરાધના સાથે પર્યટનની પણ મોજ મજા માજવામાં આવેલ. પાછા વળતી વખતે શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલનો પણ અવલોકન કરવામાં આવેલ.

શ્રી સંઘમાં ધાર્મિક આરાધના તથા સામાજીક સેવાઓમાં વૃદ્ધી થઈ રહી છે. ઘણા યાત્રિકોએ કુટુંબના પ્રત્યેક સદસ્યને શ્રી સંઘના આજીવન સભાસદ બનાવી શ્રી સંઘના પ્રત્યેક યાત્રામાં જોડવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જેથી પરીવારમાં ધાર્મીક સંસ્કારનું સીંચન થાય.

સર્વ સાધારણ ફંડના વૃદ્ધી માટે સંકલ્પ અનુદાન પત્રોનું વિતરણ ચાલુ છે. નકરો રૂા.૧૧૧૧/- છે. આ રકમ ફીક્સ ડિપોઝીટમાં મુકી વ્યાજ માંથી સર્વસાધારણ ખર્ચનો નિભાવ થાય છે. જેમા ગૌ સેવા, ગરીબ ભોજન, બાળકોને ધાર્મિક પ્રોત્સાહન ઈત્યાદી સત્કૃત્યનો લાભ મળે છે. પરિવારના શુભ પ્રસંગે તથા પ્રિયજનોના સ્મૃતીમાં સંકલ્પ અનુદાન પત્રો લઈ અગણીત સુકૃત્યનો પુણ્યર્જન કરવા શ્રી સંઘ અપીલ કરે છે.

આજીવન સભ્યપદની નોંધણી પુર જોશમાં છે. રૂ.૫૦૧/- ભરી શ્રી સંઘના આજીવન સભ્ય બની શકો છો તથા જ્યારે પણ શ્રી કુલપાકજીની યાત્રા કરવી હોય, શ્રી સંઘ તરફથી કરાવવામાં આવે છે. વધુમાં વધુ સભ્ય બની સંઘના હાથ મજબુત કરવા વિનંતી. સાથ હશે તો હજી સુંદર સુંદર કાર્યો હાથે લઈ શકાશે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(હ. ક.)